બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧ |) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✘) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, અગિયારમી આવૃત્તિ - ડિસેમ્બર ૨૦૦૯)

પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''આજે તમારી વાતોથી મહારાજનું સર્વોપરી સ્વરૂપ સમજાયું.'' (૧૧/૨૮)
➩ ભાઈસ્વામી (આત્માનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી) - ગુણાતીતાનંદ સ્વામીને
➩ ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજનો સર્વોપરી મહિમા ભાઈસ્વામીને સમજાવ્યો. મહારાજના જ કહેલા પ્રસંગો યાદ કરાવી સમજાવ્યું કે 'મહારાજ બધા અવતારોથી શ્રેષ્ઠ છે.'

૨. ''તે બગલમાં વાળંદનો થેલો લઈને નિર્માની બનીને ઊભા છે.'' (૨૩/૬૩) ➩ મહારાજ - સભાને
➩ દેવળિયાના જાલમસિંહ બાપુ સભામાં બિરાજેલા મહારાજ સામે બગલમાં વાળંદનો થેલો લઈ ઉભેલા હતા. તે સમયે મોડા આવેલા પૂર્ણાનંદ સ્વામીને સભામાં પોતાને બેસવાનું યોગ્ય સ્થાન ન જડતાં ઊભા રહેલા જોઈને મહારાજ કહે છે.

૩. ''બીજું પણ કોઈ મરી ગયું હોય તો કહી દેજો.'' (૨૦/૫૭) ➩ દેવરામભાઈ - સગાંવહાલાંને
➩ દેવરામભાઈના પત્ની જ્યારે ધામમાં ગયા ત્યારે ધર્મમર્યાદા પ્રમાણે સગાંવહાલાંએ દેવરામભાઈને સ્નાન કરાવ્યું ત્યારે.

પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)

૧. શ્રીજીમહારાજના હાથમાં ફોલ્લા ઉપસી આવ્યા. (૧૨/૩૦)
જ. મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા ને પોતાના હાથ ઘસવા લાગ્યા અને થોડી વારમાં મહારાજના હાથમાં ફોલ્લા પડી ગયા. બધાએ પૂછ્યું કે આ શું ? ત્યારે મહારાજે કહ્યું કાશીદાસ મોટાનું ઘર સળગ્યું હતું તે અમે ઓલવવા ગયા હતા.

૨. શ્રીજીમહારાજે સચ્ચિદાનંદ સ્વામીને વિમુખ કર્યા. (૨૧/૫૮)
જ. દુકાળના સમયમાં હરિભક્તોએ મહારાજને વરસાદ માટે વિનંતી કરી તો મહારાજે ના પાડતાં કહ્યું 'આ વખતે ઈન્દ્ર કોપ્યો છે તેથી નહિ વરસે. પછી હરિભક્તોએ સચ્ચિદાનંદ સ્વામી પાસે જઈ ઘણી વિનંતી કરી અને કહ્યું મહારાજ વઢશે તો તમારો અપરાધ અમે માથે લઈશું. આથી દયાળુ સ્વભાવના સ્વામીએ સમાધિમાં જઈને ઈન્દ્રને લાત મારી વરસવા કહ્યું અને પુષ્કળ વરસાદ પડ્યો. આ વાતની મહારાજને ખબર પડતાં મહારાજે તેમને વિમુખ કર્યાં.

૩. સત્યકામના મુખ ઉપર બ્રહ્મતેજ ઝળકી ઊઠ્યું. (૧૦/૨૫)
જ. સત્યકામ ગુરુના આશ્રમમાં બ્રહ્મવિદ્યા ભણવા ગયા. ગુરુએ તેને ચારસો ગાય આપી અને કહ્યું આમાંથી હજાર ગાય થાય ત્યારે આશ્રમમાં આવજે. ગુરુની આજ્ઞા પ્રમાણે સત્યકામે ચારસો ગાયોની ખૂબ સેવા કરી અને ચારસો ગાયોમાંથી હજાર ગાયો થતાં જ સત્યકામના મુખ ઉપર બ્રહ્મતેજ ઝળકી ઊઠ્યું. ગુરુકૃપાથી આપોઆપ તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું.

પ્ર.૩ 'નિત્યકર્મ' (૧/૨થી૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શિક્ષાપત્રીમાં સત્સંગીનો નિત્યકર્મ ૪૯થી૫૪ તથા ૬૧થી૬૪ શ્લોકમાં છે. મહારાજના ત્યાગી-ગૃહી સર્વ આશ્રિતોએ હંમેશા સૂર્યોદય પહેલાં જાગવું અને ભગવાનનું ધ્યાન કરવું. મોડા ઊઠવાથી આપણા પુણ્યનો નાશ થાય છે. ત્યાર બાદ શૌચવિધિ કરીને ડાબા હાથને દસ વખત ને બંને હાથ ભેગા કરી સાત વખત ધૂળથી ધોવા. હવે સાબુથી પણ હાથ ધોઈને સ્વચ્છ થવાય છે. ત્યારબાદ એક સ્થાનકે બેસીને દાતણ કરવું. ગાળેલા જળથી સ્નાન કરવું. ધોયેલાં વસ્ત્ર પહેરી પૂજા કરવી. પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખી પૂજા કરવી. સત્સંગી પુરુષોએ કપાળમાં ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કેવળ ચાંદલો કરવો વિધવા સ્ત્રીઓએ ચાંદલો કે તિલક ધારણ કરવાં નહિ. ત્યારબાદ માનસી પૂજા કરવી. સત્પુરુષની સ્મૃતિ સાથે પાંચ સમયની માનસી કરવી. (વચ.ગ.અં. ૨૩) ત્યારબાદ ગુરૂએ પૂજવા આપેલું ભગવાનનું સ્વરૂપ એટલે કે (અક્ષર પુરુષોત્તમ મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખ સ્વામી મહારાજની મૂર્તિઓ રાખવી. (ગુરુપરંપરા) સેવા પૂજા કરવી. આહ્‌વાન મંત્રથી ભગવાનનું આહ્‌વાન કરી સ્વામિનારાયણ

મહામંત્રની માળા ફેરવવી. પાંચ પ્રદક્ષિણા કરી પાંચ દંડવત્ કરી છઠ્ઠો દંડવત્ મહારાજની આજ્ઞા મુજબ ક્ષમા માટેનો કરવો. ભગવાનની પ્રાર્થના કરી વિર્સજન મંત્ર બોલી પૂજાની સમાપ્તિ કરી. ગ.અં. ૧ માં કરેલી આજ્ઞા મુજબ શિક્ષાપત્રીનો પાઠ ઉચ્ચ સ્વરે કરવો. સાંયકાળે ભગવાનના મંદિરે જવું. ભગવદ્‌વાર્તા સાંભળવી. ગુરુ અથવા દેવદર્શને જવું ત્યારે ઠાલે હાથે ન જવું પણ પોતાના સામર્થ્ય પ્રમાણે ધન-ધાન્ય-ફળફૂલ લઈને જવું. માનસીમાં ભગવાનને પોઢાડવા. નિયમ ચેષ્ટાનાં પદ બોલી સૂવાનો નિયમ રાખવો. ચેષ્ટા બોલવાથી વ્યવહારની પ્રવૃત્તિમાં કરેલાં કર્મોની નિવૃત્તિ થાય અને સુષુપ્તિમાં પણ ભગવાનનું અનુસંધાન રહે છે.

પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. શ્રીજીમહારાજે કોનું નામ 'માતાજી' રાખ્યું ? (૧૭/૫૨) જ. શ્રીજીમહારાજે ઝમકુબાનું નામ 'માતાજી' રાખ્યું.

૨. રત્નાકર અને ચાર ભાઈઓની વાત કરીને યોગીજી મહારાજ શું ઉપદેશ આપે છે ? (૮/૨૨)

જ. 'સંપ, સુહૃદભાવ અને એકતા' રાખવાનો ઉપદેશ યોગીજી મહારાજ આપે છે.

૩. રાણા રાજગરે અને તેના ભાઈઓએ શ્રીજીમહારાજ પાસે શું માંગ્યું ? (૧૮/૫૩)

જ. અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે.

૪. આત્માનંદ સ્વામીને મહારાજનાં દર્શન કયા ગામમાં થયા ? (૧૧/૨૬)

જ. આત્માનંદ સ્વામીને મહારાજનાં દર્શન સોરઠમાં મેઘપુર ગામમાં થયા

૫. સુવાસિનીનો વેશ ધારણ કરેલ લાધીબાઈને કોઈકે શું પૂછ્યું ? (૧૪/૩૪)

જ. સુવાસિનીનો વેશ ધારણ કરેલ લાધીબાઈને કોઈકે પૂછ્યું કે 'લાધી ! કોનું ઘર માંડયું ?'

પ્ર.૫ ''વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૬ ....'' (૧૯/૫૫) **- નું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

આપણે સામાન્ય રીતે વિવેક અને અવિવેકની વ્યાખ્યા આ રીતે કરીએ છીએ કે જેને કેમ બોલવું, ચાલવું, ખાવું, પીવું, વગેરેનો ખ્યાલ હોય તે વિવેકી અને જેને આવી ગમ ન હોય તે અવિવેકી. આધ્યાત્મિક વિવેક જુદો છે જે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સમજાવ્યો છે. પોતામાં ઘણા અવગુણો હોય છે છતાં મનુષ્ય તે સામી દૃષ્ટિ કરતો નથી, પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે. સૂરદાસે કહ્યું છે, 'મો સમ કૌન કુટિલ ખલ કામી.' તેમને હંમેશાં પોતાનો જ અવગુણ દેખાતો. આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારુ જ કહે છે. એમ માનનો ત્યાગ કરી, સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)

☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.

૧. પુરુષોત્તમ નારાયણ પોતે, પ્રગટ્યા માનવ દેહ ધરી, પ્રભુ, (૨) વંદન
સ્વામી ગુણાતીત અનાદિ અક્ષર, પુરુષોત્તમ સહજાનંદજી. (૧૩/૩૨)

૨. છપૈયાપુરમાં વહાલો આપે પ્રગટ થયા, ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા.
સંતોને આનંદ ઉપજાવતા હો વંદન આનંદ ઘનશ્યામને ..... સ્નેહભર્યા.
બાળચરિત્રો કરી આપે વન વિચર્યા, તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા, નીલકંઠ નામ ધરાવતા હો (૨૩/૭૧)

૩. એકાન્તિકં સ્થાપયિતું ધરાયાં ધર્મં પ્રકુર્વન્તમમૂલ્યવાર્તાઃ ।
વચઃસુધાશ્ચ પ્રકિરન્તમૂર્વ્યાં શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ (૬/૧૮)

૪. **ગુજરાતી ભાષાંતર :** તું સર્વ ધર્મને-ધર્મના બળને છોડી દઈને મને એકને જ શરણ પામ ! હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઈ શોક કરીશ મા. (૨૨/૬૧)

(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, બારમી આવૃત્તિ - ફેબ્રુઆરી, ૨૦૧૦)

પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''છોકરા ! તારે સાધુ થવું છે ?'' (૬/૧૩) ➪ વિજ્ઞાનાનંદ સ્વામી - ડુંગર ભક્તને

➪ ચૈત્રી પૂનમના સમૈયામાં ડુંગર ભક્ત બધા સંતોનો પરિચય કરતાં કરતાં વિજ્ઞાનાનંદ સ્વામીને આસને આવે છે ત્યારે તેમની આવી ઉત્કૃષ્ટ મુમુક્ષુતા જોઈને સ્વામી પૂછે છે.

૨. ''તમે સંકલ્પ ન કરો તો તમારી ખોટ અને અમે પૂરા ન કરીએ તો અમારી ખોટ !''(૨૨/૩૯)

➪ જાગા ભક્ત - સ્વામીશ્રીને (શાસ્ત્રીજી મહારાજને) ➪ જાગા ભક્તે સ્વામીશ્રીને મહારાજ અને સ્વામીની મૂર્તિઓ શિખરબદ્ધ મંદિરમાં પધરાવવાનું કહ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું એક પૈસાનું પત્તું જોઈતું હોય તો કોઠારમાં માગવું પડે છે. તો લાખો રૂપિયાનાં મંદિરો કેમ થાય? ત્યારે જાગા ભક્ત કહે છે.

૩. ''તમે સમાધિમાં જાઓ અને મહારાજને અરજી કરો.'' (૪૮/૭૯) ➫ સ્વામીશ્રી - ધર્મસ્વરૂપદાસ સ્વામીને

➫ સંવત ૧૯૯૨ની સાલમાં ભાદરવા મહિના સુધી વરસાદ ન થયો. તેથી અકળાયેલા સૌએ સ્વામીશ્રીને વરસાદ માટે પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રી ધર્મસ્વરૂપદાસ સ્વામીને કહે છે.

પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)

૧. માતા પિતા બાળક ડુંગરને વસ્ત્ર ઢાંકી બાજુના ઘરમાં મૂકી આવ્યા. (૩/૪)

જ. કુટુંબના લગ્ન પ્રસંગે ડુંગર ભક્ત ગંભીર માંદગી ગ્રહણ કરીને નાડીપ્રાણ સંકેલી સમાધિ અવસ્થામાં જઈને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લેતા હતા. ત્યારે માતા-પિતાએ માન્યું કે આ બાળક તો દેહ ગયો છે. તેથી પ્રસંગ ઉકેલવા માટે તેમને વસ્ત્ર ઢાંકી બાજુના ઘરમાં મૂકી આવ્યા.

૨. શાસ્ત્રીજી મહારાજને આણંદ ગામથી સ્ટેશન અને સ્ટેશનથી ગામ સુધી ચાર ધક્કા ખાવા પડ્યા. (૪૩/૭૨)

જ. સ્વામીશ્રીને ગાડીમાં બેસી સારંગપુર જવું હતું. પોતાની પાસે પૈસો ન રાખનાર સ્વામીશ્રીને કોઈ ટિકિટ કઢાવી આપે તો જવાય. આણંદના હરિભક્તો લગ્નપ્રસંગે બહારગામ ગયેલા. તેથી ટિકિટ કઢાવી આપે તેવા હરિભક્તની શોધમાં સ્વામીશ્રીએ ચાર ધક્કા ખાધા.

૩. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠામાં વિઘ્ન કરનારાઓની રહી સહી હિંમત પણ તૂટી ગઈ. (૩૪/૬૦)

જ. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા રોકવા માટે હીરાભાઈ મુખીને પાંચ હજારની લાંચ આપીને ફોડવા માટે પ્રયત્ન કર્યો. ત્યારે મુખીએ વિરોધીઓને કહ્યું : 'સ્વામી મારા ગુરુ છે. આ રકમ હું તે જ્યાં કહેશે ત્યાં વાપરીશ. જો કોઈ મંદિરના કામમાં વિઘ્ન નાખશો તો હું તેની ખબર લઈ લઈશ. શૂરવીર હો તો આવજો.' આ સાંભળીને વિઘ્ન કરનારાઓની રહી સહી હિંમત પણ તૂટી ગઈ

પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)

૧. અજાતશત્રુ (૩૦/૫૨) અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે સ્વામીશ્રીએ અનેક ઉપાધિ સહન કરી અને તેમને અંતરમાં એક જ દુઃખ હતું કે શ્રીજીમહારાજના મહાપ્રસાદીના સ્થાનમાં પણ શ્રીજીની શુદ્ધ ઉપાસનાની વાત થઈ શકતી ન હતી. સ્વામીશ્રી પાંચ સંતો સાથે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ આવ્યા અને પ્રાર્થના કરી, 'હે મહારાજ ! અમારે તો જુદા પડવાનો સંકલ્પ જ નથી, પણ જો આપ અમને અહીંથી જુદા પાડતા હો, તો આપ અમારી સહાયમાં રહેજો અને અખંડ ભેગા રહેજો.' આમ કહીને સ્વામીશ્રી હનુમાનવાળા દરવાજેથી પાંચ સંતો અને દોઢસો જેટલા હરિભક્તો સાથે બહાર નીકળ્યા. ગામની બહાર પોલીસ પટેલ કિશોરભાઈ મળ્યા. તેમણે જાણ્યું કે 'સ્વામીશ્રીને વડતાલમાંથી બહાર નીકળવું પડ્યું છે.' એટલે તેઓ દોડતા મંદિર તરફ ગયા અને સ્વામીશ્રીને પ્રણામ કરીને કહ્યું કે 'સ્વામી ! તમને જે જે ઉપાધિ કરતા હોય તેનાં નામ આપો. હું તેમને નડિયાદની જેલ ભેગા કરી દઉં.' સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'આપણે એવું કંઈ કરવું નથી. આપણે તો સાધુના ધર્મ પ્રમાણે અપમાનો સહન કરીને પણ સત્સંગ કરાવવો છે.' કિશોરભાઈ આ સાંભળીને સ્વામીશ્રીની સાધુતા પર નમી પડ્યા. સૌને ખબર પડતાં સ્વામીશ્રીને મળવા આવ્યા. સૌને વિદાય આપતાં સ્વામીશ્રીએ કહ્યું 'તમો વરતાલમાં ઠાકોરજીને જે જે ધર્માદો, રસોઈ આપતા હો, પૂનમ કરતાં હો તે બધુંય ચાલું રાખજો. મંદિર અને ઠાકોરજી આપણા છે. આપણે તેમનાથી જુદા પડતા નથી. સ્વામીશ્રી ત્યાંથી બોચાસણ પધાર્યા અને સ્વામીશ્રી સાથેના પાંચ સાધુઓ બધા જ શૂરવીર અને સ્વામીશ્રી માટે માથું આપે તેવા હતા. દેહના સુખને કે માન-અપમાનને ગણકારે તેવા ન હતા. તે સૌએ સ્વામીશ્રીને માટે ઘણી ઉપાધિઓ સહન કરી હતી. કોઈને માથે ધગધગતી ચૂલાની રાખ નાખવામાં આવી હતી, તો કોઈને મોટો સોયો ઘોંચવામાં આવ્યો હતો. છતાં તેઓએ કોઈને ફરિયાદ કરી ન હતી કે ઝઘડયા ન હતા. કેવળ સહન જ કર્યું હતું. આવા સંતોના પ્રેમભર્યા સાથથી સ્વામીશ્રીના કાર્યને ઘણો જ વેગ મળ્યો હતો.

૨. હરિનો મારગ છે શૂરાનો (૭/૧૩) ડુંગર ભક્તને ઘરમાં ગમતું નહી - દર પૂનમે વડતાલ જતાં - ત્યાંથી સુરત - પિતાશ્રી પણ સુરત ગયા - વરતાલ આવી આચાર્ય વિહારીલાલજી મહારાજને ફરિયાદ 'તમારા સાધુ મારા છોકરાને બગાડે છે' - ડુંગર ભક્તને ઠપકો આપ્યો - શું સાધુને જેલ કરાવવી છે, સાધુ થવા આવશો નહિ - બે ત્રણ દિવસ પછી ડુંગર ભક્ત વરતાલ - આચાર્ય મહારાજે કહ્યું સ્વામી પાસે શું શીખ્યા તે બતાવો - ડુંગર ભક્તે આસન વાળી માળા ફેરવી - રાજી થયાં - તીવ્ર બુધ્ધિ જોઈ તેમને પાસે રાખવાની લાલચ - ડુંગર ભક્તે સુરત જઈ સ્વામીની સેવામાં રહેવા જણાવ્યું - પિતાશ્રી આવી તેમને તેડી ગયા - રસ્તામાં પિતાને સંબોધીને વૈરાગ્યની ઘણી વાત - દેહના સંબંધ ખોટા અને નાશવંત છે. વૈરાગ્ય યુક્ત - હૃદય સોંસરવી ઉતરી જાય તેવી વાણી સાંભળી પિતાનું અજ્ઞાન દૂર - રજા ચિઠ્ઠી લખી આપી.

૩. અભયદાન આપવાની આજ્ઞા (૨૧/૩૬) ગોંડલ અક્ષરદેરીએ દર્શન કરતાં ભગતજી બોલ્યા 'અહીં તો હજારો દીવાની આરતી ઊતરશે અને મોટું મંદિર થશે.' રાત્રે યજ્ઞપુરુષદાસજીએ વિદ્યાભ્યાસ માટે પૂછયું ત્યારે કહ્યું 'શાસ્ત્રીની વિદ્યા તો તમે ભણ્યા છો, બ્રહ્મવિદ્યા પણ મેં તમને પૂરી ભણાવી છે, હવે તો જેમ તમને સુખિયા રહેતાં આવડે છે તેમ બીજાને સુખિયા કરશો' આ પ્રમાણે ભગવાનનું સુખ બીજાને આપવાની તથા જીવોનું કલ્યાણ કરવાની આજ્ઞા યજ્ઞપુરુષદાસજીને આપી. ભગતજી મહુવા ગયા અને ઘેરો મંદવાડ ગ્રહણ કર્યો. ભગતજીનાં દર્શન કરવાની ઘણી ઇચ્છા હોવા છતાં આજ્ઞા વિના કેમ જવાય ? અંતે સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ તેરસના દિવસે ભગતજી મહારાજે દેહ ત્યાગ કરી અક્ષરવાસ કર્યો. આ સમાચાર પત્ર દ્વારા સ્વામીશ્રીને મળતાં તેઓ ઉદાસ થઈ ગયા ત્યાં જ કૂવા પાસે ભગતજીએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં, હાથમાં ગુલાબ અને મોગરાનો હાર હતો તે સ્વામીશ્રીને પહેરાવી બોલ્યા 'આમ ઉદાસ કેમ થયા છો? હું કાંઈ ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' સ્વામીશ્રી પછી જૂનાગઢ જાગા સ્વામી પાસે જાય છે. છેલ્લી સેવામાં મહુવા ન જઈ

શક્યા તેનું દુઃખ હતું. તે જોઈ જાગા ભક્તે છેલ્લી સેવામાં બોલાવવાનું વચન આપ્યું. રાજકોટના સંતોની વારંવારની ફરિયાદના કારણે આચાર્ય મહારાજે સ્વામીશ્રીનું ભણવાનું બંધ કરાવી પોતાની પાસે પાછા બોલાવી લીધા. સંવત ૧૯૫૫માં વિહારીલાલજી મહારાજ ધામમાં ગયા પછી ગોરધનભાઈ કોઠારીએ સ્વામીશ્રીને સારંગપુરનો વહીવટ સોંપ્યો. તેથી ગઢડાના કોઠારી ભીમજીભાઈનો કચવાટ અને રોષ થયો. ભગતજીના મંડળ પ્રત્યે અનેકગણો દ્વેષ વધી ગયો. સ્વામીશ્રીએ સારંગપુરમાં પ્રસાદીસ્થાનોનો જીર્ણોદ્ધાર કર્યો. મંદિર મોટું બનાવ્યું, મંદિરની આર્થિક સ્થિતિ સુધારી. કુશળ વહીવટકાર પુરવાર થયા. સંવત ૧૯૫૭માં જાગા ભક્તે ડાંગરામાં મંડવાડ ગ્રહણ કર્યાના સમાચાર મળતાં સ્વામીશ્રી ડાંગરા ગયા. છેલ્લી સેવા કરી. જાગા ભક્તે કહ્યું 'મેં મારું વચન પાળ્યું, અમારું કામ પૂરું થયું છે. તમે કામ શરૂ કરજો. અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવજો. મહારાજ અને સ્વામી તમારા કામમાં ભળશે.

પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (સંવત, તિથિ) (૧/૨)

જ. શાસ્ત્રીજી મહારાજનો જન્મ મહેળાવ ગામમાં સંવત ૧૯૨૧ની મહા સુદિ ૫ એ(વસંતપંચમી) થયો હતો.

૨. કયા બે હેતુથી ભગતજીએ યજ્ઞપુરુષદાસજીને રાજકોટ ભણવાની આજ્ઞા કરી ? (૧૭/૩૧)

જ. એક તો સંસ્કૃત વિદ્યા ભણાય, દૂર જવું ન પડે; બીજું જૂનાગઢ પાસે હોવાથી ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર જાગા ભક્તનો યોગ રહે.

૩. શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજનું સન્માન ક્યાં અને કયા સમૈયા પર કરાવ્યું ? (૨૦/૩૫)

જ. શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજનું સન્માન જૂનાગઢમાં જન્માષ્ટમીના સમૈયા પર કરાવ્યું

૪. સ્વામીશ્રીની ૮૦મી જયંતી ઉજવવા કોણે સૌ પ્રથમ સંકલ્પ કર્યો અને ક્યાં ઉજવ્યો ? (૫૦/૮૩)

જ. સ્વામીશ્રીની ૮૦મી જયંતી ઉજવવા સૌ પ્રથમ સંકલ્પ ચંપકભાઈ બેંકરે કર્યો અને બોચાસણમાં ઉજવ્યો.

૫. વિદ્યાવાન, ધર્મવાન અને જ્ઞાનીને કેટલાં લોચન હોય છે ? (૧૦/૨૧)

જ. વિદ્યાવાનને ત્રણ, ધર્મવાનને સાત અને જ્ઞાનીને અનંત લોચન હોય છે.

પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૧, ૨ (૨૮/૪૯) **૨.** ૩, ૪ (૩૫/૬૨) **૩.** ૧, ૨ (૪૧/૭૧)

પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. **અજોડ વિદ્વતા :** શ્રીજીમહારાજના સમાધિસ્થાન પર લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે ભગતજી મહારાજ ગઢડા પધારવાના હતા. યજ્ઞપુરુષદાસજી પણ રંગાચાર્ય સાથે ગઢડા જવા નીકળ્યા. (૧૬/૨૯)

૨. **પ્રાગજી ભક્તના યોગમાં :** દિવસે તો સમૈયાની સેવા હોય, તેથી રાત્રે યજ્ઞપુરુષદાસજી પ્રાગજી ભક્તની વાતો સાંભળવા જતા. મોડી રાત સુધી વાતો સાંભળતા. (૧૦/૨૧)

૩. **અક્ષરપુરુષોત્તમની ઝોળી :** સારંગપુરમાં પણ સ્વામીશ્રી ઝોળી માગવા નીકળતા. નિર્ગુણદાસ સ્વામી ઘણા આગ્રહથી ના કહે અને કહે કે 'અમે બધા આપની સેવામાં છીએ, છતાં આપ કેમ ઝોળી માગવા નીકળો છો ?' (૪૫/૭૫)

૪. **નિર્ગુણદાસ સ્વામીનો અક્ષરવાસ :** શૂરવીર પ્રકૃતિના આ સંતે મનાવાની કે પૂજાવાની ઈચ્છા કરી જ ન હતી. હરિભક્તોનો દૃઢ પક્ષ અને તેમનાં સુખદુઃખ પોતાનાં સુખદુઃખ ગણી, સત્સંગની હદ ઉપરાંત સેવા કરી હતી. (૫૬/૯૧)

૫. **ઉપાધિની શરૂઆત :** 'નિશાચરો, પાપીઓ ! હવે તો ઊંઘવા દો.' એમ ગાળો દેવા લાગ્યા. પણ સ્વામીશ્રીએ તો કથાપ્રવાહ ચાલુ રાખ્યો. આથી, તેઓ વધુ રોષે ભરાયા અને ત્યાં પડેલી ઈંટો લઈને બંગલા પર ફેંકવા લાગ્યા. (૨૩/૪૧)

૬. **ગૃહત્યાગ :** સમૈયા પછી ડુંગર ભક્ત આચાર્ય મહારાજની આજ્ઞાથી બ્રહ્મચારી દેવાનંદજી સાથે કાનમ દેશમાં ધર્માદો ઉઘરાવવા ફર્યા. અહીં પણ મંદિરના ચોક વાળવાની, પાણી ભરવાની અને રસોડાની ઘણી જ સેવા તેઓ કરતા. (૮/૧૮)

❑ ❑ ❑